e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 218
March 05, 2010

## ગાંધીસ્મૃતિ ભવન ખાતે યોજાયેલ "ખોદકામ સેફટી અંગે વર્કશોપ"



સુરત મહાનગરપાલિકા, શહેરની જનતાને પુરી પાડવામાં આવતી તેની વિવિધ સેવાઓ થકી ધ સીટી ધેટ કેર્સ તરીકે આગળ આવી રહેલ છે. સુરત મહાનગરપાલિકા, શહેરમાં વિકાસની કામગીરીઓ સાથે જાહેર જનતાની સુખાકારી માટે કટિબધ્ધ હોય, જાહેર જનતાની સલામતીને ધ્યાને રાખી અવરનવર સલામતીને લગતા વિવિધ વર્કશોપ/ટ્રેનીંગ પ્રોગ્રામ/ સેમીનારનું આયોજન કરે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) વેરા વસુલાત અભિયાન દરમ્યાન અશ્વની કુમાર વિસ્તારમાં નળ કનેકશનની કપાત

પૂર્વઝોન (વરાછા) ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા બાકી વેરાના કસુરદારો સામે પગલાના ભાગ રૂપે અશ્વનીકુમાર મોદી મહોલ્લા ખાતે આવેલ ગણપતરાય વિઠ્ઠલદાસ મિસ્ત્રીની માલિકીના મકાનનો વેરો રૂા. ૭૬,૦૦૦/– ભરવામાં અખાડા કરતાં તેમની મિલકતના નળ કનેકશન કપાત કરાવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## નોર્થ ઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૦૩/૦૩/૨૦૧૦નાં રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે લિંબાયત ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે ઉધના ઝોનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# ગાંધીસ્મૃતિ ભવન ખાતે યોજાયેલ "ખોદકામ સેફટી અંગે વર્કશોપ"



સુરત મહાનગરપાલિકા, શહેરની જનતાને પુરી પાડવામાં આવતી તેની વિવિધ સેવાઓ થકી ધ સીટી ધેટ કેર્સ તરીકે આગળ આવી રહેલ છે. સુરત મહાનગરપાલિકા, શહેરમાં વિકાસની કામગીરીઓ સાથે જાહેર જનતાની સુખાકારી માટે કટિબધ્ધ હોય, જાહેર જનતાની સલામતીને ધ્યાને રાખી અવરનવર સલામતીને લગતા વિવિધ વર્કશોપ/ટ્રેનીંગ પ્રોગ્રામ/ સેમીનારનું આયોજન કરે છે. આજરોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે આજ રીતના ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન, ખાસ કરીને પ્લમ્બીંગ કામ સાથે સંકળાયેલ સુરત મહાનગરપાલિકા ના ઈજારદારો અને લાયસન્સ પ્લમ્બરોના લાભાર્થે કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં પ્રતિનિધિઓએ હાજરી આપી આયોજનને સફળ બનાવેલ.

આજ રોજ આયોજીત કરેલ ટ્રેનીંગ પ્રોગ્રામમાં ગુજરાત ગેસ કં. લિ.ના તજજ્ઞોએ હાજર રહેલ ઈજારદારો અને લાયસન્સ પ્લમ્બરોને તેઓની કામગીરી દરમ્યાન સલામતી બાબતે વિસ્તૃત જાણકારી પુરી પાડેલ, જેમાં વિવિધ હેતુઓ માટે નાંખવામાં આવેલ જુદી જુદી લાઈનોની ઓળખ, ખોદકામ વખતે રાખવાની સાવચેતીઓ, બેરીકેટીંગ કરવાની રીત, અકસ્માત વખતે લેવાની કાળજીઓ વિગેરેનો સમાવેશ થાય છે.

લાયસન્સ પ્લમ્બરોના લાભાર્થે આયોજીત આ કાર્યક્રમમાં કાર્યક્રમને અંતે અવેરનેસ બાબતે ટેસ્ટ લેવામાં આવેલ. ઉપરોકત કાર્યક્રમમાં ગુજરાત ગેસ કં. લિ. ના ડીરેકટરશ્રી સહિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સીટી ઈજનેરશ્રી, એડી. સીટી. ઈજનેરશ્રી અને જુદા જુદા ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીઓએ હાજરી આપેલ.

TOP

## પૂર્વઝોન (વરાછા) વેરા વસુલાત અભિયાન દરમ્યાન અશ્વની કુમાર વિસ્તારમાં નળ કનેકશનની કપાત

પૂર્વઝોન (વરાછા) ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા બાકી વેરાના કસુરદારો સામે પગલાના ભાગ રૂપે અશ્વનીકુમાર મોદી મહોલ્લા ખાતે આવેલ ગણપતરાય વિઠ્ઠલદાસ મિસ્ત્રીની માલિકીના મકાનનો વેરો રૂા. ૭૬,૦૦૦/– ભરવામાં અખાડા કરતાં તેમની મિલકતના નળ કનેકશન કપાત કરાવામાં આવેલ છે. તે જ પ્રમાણે આ વિસ્તારમાં આવેલ ધરમનગર સોસાયટી, રીવરવ્યુ પેલેસમાં બાકીદારો સામે સીલ મારવાની ચીમકી આપતા સ્થળ ઉપર કુલ રૂા. ૧,૧૦,૦૦૦/– જેટલો વેરો ભરપાઈ કરવામાં આવેલ છે.

તે જ પ્રમાણે બીજી ટીમ ધ્વારા નવા સમાવિષ્ટ વિસ્તાર પૂણામાં રાધાસ્વામી સોસાયટી, સરદાર કોમ્પલેક્ષ, લક્ષ્મીપાર્ક સોસાયટી, કેવલ કોમ્પલેક્ષ, રાજમંદિર સોસાયટી કે જે બોમ્બે માર્કેટ પુણા મેઈનરોડ પર આવેલ છે. આ સોસાયટીના કબજેદારોને બીલ, નોટીસ તેમજ વોરંટ આપવા છતાં વેરો ભરપાઈ કરી દેવામાં આવેલ ન હતો. જે બાકીદારો સામે કડક પગલાંની કાર્યવાહી કરતાં સ્થળ ઉપર વેરો ભરપાઈ કરી દેવામાં આવેલ છે. આ સમગ્ર અભિયાન દરમ્યાન રૂા.૫,૦૦,૦૦૦/– જેટલો વેરો મહાનગરપાલિકાની તિજોરીમાં જમા થયેલ છે.

આમ, વરાછા વિસ્તારનાં બાકીદારો સામે કડક પગલાં ભરવાની કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવનાર છે. જેમાં મિલકતની જપ્તિ, મિલકતની હરાજી, નળ કનેકશનની કપાત જેવાં કડક પગલાં લેવામાં આવનાર છે. જેથી કરદાતાઓને પોતાનો બાકી વેરો ભરપાઈ કરી દેવા અપીલ કરવામાં આવે છે.

TOP

## નોર્થ ઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૦૩/૦૩/૨૦૧૦નાં રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.





નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં મોજે કતારગામ, નવી જી.આઈ.ડી.સી.ને લાગુ આવેલ આઝાદ નગર–હનુમાન નગર ઝુંપડપટ્ટી પ્રિલીમનરી ટી.પી. સ્કીમ નં. ૧૯ (કતારગામ)ના ૪૫.૭૨ મીટરના ટી.પી. રસ્તામાં નડતરરૂપ હોય આજ રોજ અત્રેથી સદર ઝુંપડપટ્ટીના ૨૭ જેટલા ઝુંપડાઓ મોજે કોસાડ ખાતેના સુરત મહાનગરપાલિકાના ઈ.ડબ્લ્યુ.એસ.આવાસોમાં વૈકલ્પિક જગ્યા આપી સ્થળાંતર કરવામાં આવેલ છે. આ ઝુંપડાઓનું દબાણ હટાવી આશરે ૩૦૦૦ ચો.ફુટનો રસ્તો ખુલ્લો કરી રસ્તાનો કબ્જો લેવામાં આવેલ છે.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે લિંબાયત ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને : ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. જે અંર્તગત તા.૨૭/૦૨/૨૦૧૦ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે નગર પ્રાથમિક શાળા નં.૨૪૬, ૨૪૭ ઈશ્વરપુરા, નવાગામ ડિંડોલી ખાતે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા તેમજ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમાજકલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી, શ્રીમતિ મંજુલાબેન સાવલીયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓમાં ઉત્સાહનું સિંચન કર્યુ હતું. ઉપરાંત મ્યુ.સભ્યશ્રીઓએ પણ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને બિરદાવ્યો હતો.

સાંજે યોજાયેલ કાર્યક્રમમાં સૌપ્રથમ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ડે.કમિશ્નરશ્રી (પ અને ઈ)એ મંચસ્થ મહાનુભાવો અને હાજર રહેલ નગરજનોને આવકાર્યા હતાં. ત્યારબાદ તેજસ્વી વિદ્યાર્થીઓ અને રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ મેળવનાર શિક્ષકોને મહાનુભાવોના વરદહસ્તે ટ્રોફી અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતું કે, સુરતે દુનિયાના નકશા ઉપર પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. લોકોના સાથ–સહકાર તેમજ શાસકો અને વહીવટી તંત્રના સમન્વયથી પ્રજાજનોને સર્વોત્તમ સુવિધાઓ પૂરી પાડી રહ્યા છીએ. આ શહેરની આન, બાન અને શાન અકબંધ રાખવા માટે શહેરીજનોને સહકાર આપવા અપીલ કરી હતી. શહેરની જનતાને પાણીનો બગાડ અટકાવવાનો અનેરો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. સુરત શહેરને હરીયાળુ બનાવવા માટે આ વર્ષે સુરત મહાનગરપાલિકાએ "ગ્રીન એવન્યુ" નો અભિગમ ફળીભૂત કરવા પોતાના સંતાનોના જન્મદિવસે મહાનગરપાલિકાની શાળામાં ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવા માટે અને તેની કાળજી રાખવા માટે સંકલ્પ લેવા જણાવ્યું હતું. "સુરત, ધ સીટી ધેટ કેર્સ" ના સૂત્રને સાર્થક કરવા પ્રજાજનોનો સહકાર માંગ્યો હતો.

**Continue …**

 

સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે છેલ્લા બે દાયકાથી સુરત મહાનગરપાલિકાએ પ્રજાના સહકારથી વિકાસમાં હરણફાળ ભરી છે. તે માટે શહેરીજનોને બિરદાવી, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત ઉપસ્થિત જનમેદનીને પાણી બચાવો, વિજળી બચાવો જેવા સંકલ્પો કરવા હાકલ કરી હતી.

શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે સુરત શહેરને પ્રતિષ્ઠિત ચાર એવોર્ડ મેળવવામાં આ શહેરીજનોનો સિંહફાળો રહ્યો છે. સુરતની અવિરત વિકાસ યાત્રા સતત ચાલુ રહે તે માટે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી નિમિત્તે શહેરીજનોને સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. અને શહેરીજનોનો ભવિષ્યમાં સહકાર મળી રહેશે તેવી આશા વ્યકત કરી હતી.

કાયદા સમિતિના અધ્યક્ષશ્રી ગેમરભાઈ દેસાઈએ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતું કે ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થતાં હોય, માન.મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ણિમ ગુજરાતની અનોખી ઉજવણી કરવા અને ગુજરાતની વિશ્વમાં આગવી ઓળખ ઉભી થાય તે હેતુસર વિવિધ કાર્યક્રમો અને લોકમેળાઓનું આયોજન કરવા જણાવેલ જેના અનુસંધાનમાં લિંબાયત ઝોનમાં છેલ્લા સાત દિવસથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ અને તે સંદર્ભે આજરોજ આ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સાંજે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં લિંબાયત ઝોન વિસ્તારની સુમન તથા નગરપ્રાથમિક શાળાઓ તેમજ અન્ય શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. હવે પછી તા.૨૮/૦૨/૨૦૧૦ થી તા.૦૬/૦૩/૨૦૧૦ દરમ્યાન ઉધના ઝોન વિસ્તારમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા શહેરીજનોને અપીલ કરે છે.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે ઉધના ઝોનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને : ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે.





જે અંતર્ગત તા.૨૮/૦૨/૨૦૧૦ ના રોજ સવારે ૮:૩૦ કલાકે ઉધના ઝોન વિસ્તારમાં સામૂહિક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અન્વયે ભેસ્તાન ચાર રસ્તા ખાતે લોકલાડીલા નેતા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને માન.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, આરોગ્ય સમિતિના અધ્યક્ષાશ્રી શ્રીમતિ સ્મિતાબેન પટેલ તેમજ સમાજકલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રી શ્રીમતિ મંજુલાબેન સાવલીયાએ સુતરાંજલી અર્પણ કરી હતી.

શહેરની જનતામાં શેરી મહોલ્લાની સાફ–સફાઈ પ્રત્યે જાગૃતિ આવે તે માટેની વિદ્યાર્થીઓ તથા નાગરિકોની રેલીને માન.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલી ભેસ્તાન ગામમાં ફરી ભેસ્તાન સ્ટેશન રોડ ખાતે આવી હતી. જયાં માન.મેયરશ્રી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તથા મ્યુ.સભ્યશ્રીઓ દ્વારા સામૂહિક સફાઈ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શાળાના બાળકો અને જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. હવે પછી પણ તા.૨૮/૦૨/૨૦૧૦ થી તા.૦૬/૦૩/૨૦૧૦ દરમિયાન ઉધના ઝોન વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા શહેરી જનોને અપીલ કરે છે.

TOP